| SUMMATIVE ASSIGNMENT -1 2021-22 |
| --- |
| ધોરણ- 6 વિષય – ગુજરાતી |
| Syllabus – CH-1,2,3,4,5,6,7 FROM TEXTBOOK |

## [ READING SECTION]વાંચનકાર્ય

### પ્રશ્ન 1 (અ) નીચેનોફકરોવાંચીતેનાંપ્રશ્નોનાંજવાબલખો.

1) લીમડો આપણને ઘણો ઉપયોગી છે. લીમડાની ઘટાદાર છાયામાં બેસવાથી આપણને ઠંડક મળે છે. તે વટેમાર્ગુંઓ અને પશુ પક્ષીનું આશ્રય સ્થાન છે. લીમડાનું દાતણ દાંત અને શરીર માટે ઉત્તમ છે. લીમડાના લીલા પાન પાણીમાં ઉકાળી, તે પાણી વડે સ્નાન કરવાથી ચામડીના રોગો થતાં નથી. ઘરમાં લીમડાનાં પાનનો ધુમાડો કરવાથી મચ્છરો ભાગી જાય છે. લીમડાના ફળને ‘લીંબોળી’ કહે છે. તેનું તેલ સાબુ બનાવવા માટે વપરાય છે.

પ્રશ્નો 1) આ ફકરામાં ક્યાં વૃક્ષની વાત કરવામાં આવી છે?

2) લીમડાની ઘટાદાર છાયામાં બેસવાથી આપણને શું મળે છે?

3) લીમડાનુ દાંતણ કોના માટે ઉત્તમ છે?

4) શું કરવાથી ચામડીના રોગો થતાં નથી?

5) લીમડાના ફળને શું કહેવાય છે?

2) વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો છોડતા નથી. જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા – કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ જીવન સાર્થક કરે છે.

પ્રશ્નો 1 ) વૃક્ષોનું જીવન આપણને શું શીખવે છે ?

2) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ?

3) કોનું જીવન નિરર્થક છે ?

4) કાગડા – કૂતરાનું જીવન કોને કહેવાય?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## પ્રશ્ન 1 (બ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

આખરે ઉજાગરાનો અંત આવ્યો :
લગન ઊકલી ગયાં.
મા હવે,
ઘરની ચીજ વસ્તુઓ ગણે છે.
સંભારી સંભારી મેળવે છે.
સંભાળી સંભાળી ગોઠવે છે.
થાળી , વાટકા, ગ્લાસ, ડીશ,
બધું બરાબર છે.
ક્યાંય કશુય ખોવાયું નથી,
કશુંય ગયું નથી પણ
અચાનક કઇક યાદ આવતાં
એ ઓરડા વચ્ચે

ઉભી રહી જાય છે,
આંખોમાથી ટપકું ટપકું થાય છે.
ખારો ખારો પ્રશ્ન :
'મારી દીકરી ક્યાં?'

પ્રશ્નો : 1) ઉજાગરાનો અંત ક્યારે આવ્યો ?

2) મા કઇ વસ્તુઓ મેળવે છે ?

3) મા ઓરડા વચ્ચે શા માટે ઊભી રહી જાય છે ?

4) ઘરમાં કોણ નથી ?

5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

### [WRITING SECTION ] લેખનકાર્ય

## પ્ર-2(અ) નીચેના વિશે નિબંધ લખો.

1) મહેનતનું મહત્વ 2) મારી પ્રિય ઋતુ

## પ્ર-2(બ) નીચેનામુદ્દા પરથી વાર્તા લખો.

1) અક્બરનો દરબાર – એકસરખા બે ફૂલ – એક સાચું, એક બનાવટી – ફૂલને સ્પર્શ કર્યા વિના દૂરથી ઓળખવાની પરીક્ષા – બધા દરબારીઓની મૂંઝવણ – બિરબલની યુક્તિ – મધમાખીને પકડી લાવવી – ઉત્તર આપવો – બાદશાહની બિરબલને શાબાશી - બોધ.

### બિરબલની યુક્તિ

અકબર એક રાજા હતો. તેના દરબારમાં ઘણા બધા લોકો હતા પણ બિરબલ હાજરજવાબી અને બુદ્ધિચાતુર્થ માટે જાણીતો હતો. અકબર ઘણી વખત પોતાના દરબારમાં નવી નવી વાતો લાવતો. જે સારુ કામ કરે તેને ઇનામ પણ આપતો.

એક વખત અકબર રાજા પોતાના દરબારમાં એક જેવા જ બે ફૂલ લઇને આવ્યા.તેમાં એક ફૂલ સાચું છે અને એક ફૂલ બનાવટી છે. પરંતુ તેને સ્પર્શ કર્યા વગર બધાયે તેને ઓળખી બતાવવાનુ હતું. કોઇ તેનો જવાબ આપી શકતુ નથી કેમકે તે બન્ને ફૂલ એક સરખા જ લાગતા હતા.

કોઇ જવાબ આપી શકતુ ન હતું અકબરે બિરબલ સામે જોયું તો બિરબલ તરત પોતાના સ્થાનેથી ઊઠીને બહારથી એક મધમાખી મધમાખી પકડી લાવ્યો. મધમાખી તરત જે સાચુ ફૂલ હતુ તે ફૂલ પર બેઠી.

આમ બિરબલે ખુબ હોશીયારીથી ફૂલ ઓળખી બતાવ્યું.

2) એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખાંડ ખરીદવી – દુકાનદારનું ઓછું તોલવું – ગ્રાહકની ફરિયાદ –' વધારે વજન ઊંચકવું નહિ પડે,' એવો દુકાનદારનો જવાબ- ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – પૂરા પૈસા ચૂકવવા માટે દુકાનદારની માગણી –'પૈસા વધારે ગણવા નહિ પડે' ગ્રાહકનો જવાબ - બોધ.

### જેવા સાથે તેવા

એક ગામમાં એક કરિયાણાની દુકાન હતી એ દુકાનદાર બહુ જ ચાલાક હતો. તે બધા ગ્રાહકને ઓછી વસ્તુ તોલીને આપતો હતો. બધા ગ્રાહકો તેનાથી પરેશાન હતા પણ કોઇ કાઇ બોલતુ નહિ.

એક વખત એક ગ્રાહક તે વેપારીને ત્યાં ખાંડ ખરીદવા આવ્યો ત્યારે પરંતુ તે કરિયાણાના દુકાનદારે તેને ખાંડ ઓછી તોલી તો ગ્રાહકે તેને ફરિયાદ કરી કે ભાઇ આ ખાંડ તો ઓછી છે તો દુકાનદારે કહ્યું કે ભાઇ વજન વધું ઊંચકવું નહિ પડે, ગ્રાહકને ગુસ્સો આવ્યો પણ તે કાઇ બોલ્યો નહિ પરંતુ તેને બદલો લેવાનું નક્કી કર્યુ તેને દુકાનદારને ઓછા પૈસા આપ્યા. તો દુકાનદારે ફરિયાદ કરી તો ગ્રાહકે એવુ કહ્યું કે પૈસા વધારે ગણવા નહિ પડે.

દુકાનદાર સમજી ગયો અને બધાને ઓછી વસ્તુ આપવાનું છોડી દીધું.

**[GRAMMAR SECTION]વ્યાકરણ**

## પ્ર- 3 કૌસમાં આપેલાં શબ્દો વડે ખાલી જગ્યા પૂરો.

**( બોડ , રાફડો , દર , માળો , વાડો , ઘર )**

| | | |
|---|---|---|
| 1) ઉંદરનું રહેઠાણ | = | દર |
| 2) વાઘ – વરુનું રહઠાણ | = | બોડ |
| 3) પંખી ઝાડ પર રહેવા બાંધે છે તે | = | માળો |
| 4 ) બકરી – ઘેટાંને જ્યાં પુરવામાં આવે છે તે | = | વાડો |
| 5 ) માણસનું રહેઠાણ | = | ઘર |
| 6 ) સાપનું રહેઠાણ | = | રાફડો |

## પ્ર- 4કૌસમાં આપેલાં શબ્દો વડે ખાલી જગ્યા પૂરો.

**( શાકભાજી , પંખી , રંગ , ઋતુ , માસ , ફળ , સંબંધ**

| | | |
|---|---|---|
| 1) જાન્યુઆરી , ફેબ્રુઆરી , માર્ચ. | = | માસ |
| 2) સફરજન ,દાડમ , કેરી | = | ફળ |
| 3) રાતો , પીળો , લાલ | = | રંગ |
| 4) શિયાળો , ઉનાળો , ચોમાસું | = | ઋતુ |
| 5) કાકા , ફુઆ , માસી | = | સંબંધ |
| 6) દૂધી , કારેલાં , ભીંડા | = | શાકભાજી |
| 7) મોર , પોપટ , કાબર | = | પંખી |

## પ્ર-5 નીચેના શબ્દો પરથી વાક્યો બનાવો.

| | | | |
|---|---|---|---|
| 1) | વાસી | = | આ ખોરાક વાસી છે. |
| 2) | ઠંડી | = | આજે ખુબજ ઠંડી છે. |
| 3) | રાજા | = | આ રાજા છે. |
| 4) | સૂરજ | = | સૂરજ ગરમી આપે છે. |

## પ્ર-6 નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

1) ટમેટું , ઠંડી , બંડી , તડકો , સૂરજ.
જ) ટમેટું ,, ઠંડી ,, તડકો , બંડી , સૂરજ.

**2)** પુણ્ય , યાદ , વાતચીત , શ્વાસ , શાંતિ
જ) પુણ્ય , યાદ , વાતચીત , શાંતિ , શ્વાસ

3) પીઠ, ખાતર, કૂતરો, ઈશારો, જીવ
જ) ઈશારો, કૂતરો, ખાતર, જીવ, પીઠ

**4)** બકરી, ગોખલો, પાંદડું, સૂરજ
જ) ગોખલો , પાંદડું , બકરી, સૂરજ.

## પ્ર-7 નીચેના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પરિવાર | = | કુટુંબ | 2) | અચાનક | = | એકાએક |
| 3) | આશ્ચર્ય | = | નવાઈ | 4) | તકલીફ | = | મુશ્કેલી |
| **5)** | ફરીશ્તો | = | દેવદુત | **6)** | આંખ | = | નયન |
| 7) | માસ | = | મહિનો | 8) | હરખ | = | આનંદ |
| 9) | પ્રિય | = | વહાલું | 10) | આબરૂ | = | ઈજ્જત |
| 11) | ભાગવું | = | દોડવું | 12) | વિશાળ | = | ખૂબજ મોટું |
| 13) | પાન | = | પર્ણ | 14) | મોં | = | મુખ |
| 15) | સંતાવું | = | છુપાવું | 16) | વૃક્ષ | = | ઝાડ |
| 17) | પગ | = | ચરણ | 18) | દુનિયા | = | વિશ્વ |
| **19)** | દ્વાર | = | બારણું | **20)** | વૃધ્ધ | = | ઘરડા |
| 21) | યુક્તિ | = | વિચાર | 22) | ચતુર | = | હોંશિયાર |

## પ્ર-8નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ગરીબ | X | અમીર | 2) | શાંતિ | X | અશાંતિ |
| 3) | પુણ્ય | X | પાપ | 4) | બેભાન | X | સભાન |
| 5) | બીમાર | X | તંદુરસ્ત | 6) | મંજૂર | X | નામંજુર |
| 7) | ધ્યાન | X | બેધ્યાન | 8) | વિદાય | X | સ્વાગત |
| 9) | વિશ્વાસું | X | અવિશ્વાસું | 10) | પાસે | X | દૂર |
| 11) | જ્ઞાન | X | અજ્ઞાન | 12) | જન્મ | X | મરણ |
| 13) | ચતુર | X | મુર્ખ | 14) | નાનો | X | મોટો |
| 15) | ઉતર | X | સવાલ | 16) | ઊંઘવું | X | જાગવું |
| 17) | મરેલું | x | જીવતું | 18) | યુવાન | x | વૃધ્ધ |
| 19) | ઝડપી | x | ધીમું | 20) | આવવું | x | જવું |

## પ્ર-9 નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.

1) મન મારી બેસી રહેવું = મનની ઈચ્છાને દબાવી રાખવી.
વાક્ય - લકી ને આઈસક્રીમ ખાવી હતી પણ તે મન મારી બેસી રહ્યો.

2) રસ્તો ન દેખાવો = કોઈ ઉકેલ ન મળવો.
વાક્ય - મને આ મુસીબતમાંથી નીકળવાનો કોઈ રસ્તો દેખાતો નથી.

3) આંખમાં ઝળઝળિયાં આવવાં= આંખમાં આંસુ આવવા.
વાક્ય - મા ને જોઈને દિકરીનીની આંખમાં ઝળઝળિયાં આવ્યા.

4) આંખવાળી લેવી = દુ:ખી હૃદયે વિદાય લેવી.
વાક્ય = ડાઘિયાએ આંખ વાળી લીધી.

5) ખાતર પડવું = ચોરી થવી.
વાક્ય = સોનીનાં ઘરે ખાતર પડ્યું.

6) દૂધે ધોયેલું = વિશ્વાસપાત્ર
વાક્ય = આ વ્યક્તિના પૈસા દૂધે ધોયેલ છે.

7) પાણી ફેરવવું = આબરૂ કાઢવી

વાક્ય = છોકરાએ પિતાની ઉપર પાણી ફેરવ્યું.

## પ્ર-10નીચેના શબ્દ સમુહ માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| **1)** | ઉનાળાની સખત ગરમ હવા | = | લૂં |
| **2)** | ત્રણ આંખવાળુ | = | ત્રિનેત્ર |
| **3)** | ચાર પાયાવાળું એક જાતનુ આસન | = | બાજોઠ |
| **4 )** | મૂર્તિઓ બનાવનાર | = | શિલ્પી |
| **5 )** | કલાનું સર્જન કરનાર | = | કલાકાર |

## પ્ર-11 કેવો, કેવી, કેવું શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | કેરી | = | કેવી | 2) | કાંટો | = | કેવો |
| 3) | કમ્પ્યૂટર | = | કેવું | 4) | જીભ | = | કેવી |
| 5) | ચાંદો | = | કેવો | 6) | નારિયેળ | = | કેવું |

### [ LITRATURESECTION] <u>સાહિત્ય</u>

## પ્ર-12નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

**1)** કીડી અને ભમરા સાથે કોણ – કોણ ફરવા નીકળ્યું?

જ) કીડી અને ભમરા સાથે પીલું, દેડકો અને ઉંદર ફરવા નીકળ્યા.

2) પાણીમાં કોણ કૂદી પડ્યુ?

જ) પાણીમાં દેડકો કૂદી પડ્યો.

3) તરતાં કોને – કોને આવડતું નહોતુ?

જ) તરતાં કીડી , ભમરા ,પીલું, દેડકો અને ઉંદરને આવડતું નહોતું.

4) પીલું ઝડપથી શું લઈ આવ્યું?

જ) પીલું ઝડપથી પાંદડું લઈ આવ્યુ.

5) ફ્રીજમાં ઠંડી કોને લાગે છે?

જ) ફ્રીજમાં ઠંડી ટામેટાને લાગે છે.

6) ટમેટું બંડી પહેરાવવા કોને કહે છે?

જ) ટમેટું બંડી પહેરાવવા દૂધીમાસીને કહે છે.

7) ફ્રીજનો દરવાજો શા માટે ખૂલ્યો?

જ) ફ્રીજનો દરવાજો ધારી લેવા માટે ખૂલ્યો.

8) ટમેટું ખુશ કેમ થયુ?

જ) ટમેટું સૂરજનો તડકો જોઈ ખુશ થયુ.

9) શેખ અબ્દુલ્લાંનેહજ કરવાની ઈચ્છા ક્યારે થઈ?

જ) જ્યારે બધા હજ કરવા માટે જતાં ત્યારે શેખ અબ્દુલ્લાંને હજ કરવાની ઈચ્છા થતી.

10) શેખ અબ્દુલ્લાં હજ કરવા શા માટે ના જઈ શક્યા?

જ) શેખ અબ્દુલ્લાં હજ કરવા તેમની ગરીબીના કારણે ના જઈ શક્યા.

11) ખુદાના દરબારમા અલી હુસેનની હજ કેમ મંજૂર થઈ?

જ) અલી હુસેને તેની પડોશનાં બાળકોને જમવાનું આપ્યું હતું અને તેમને રોક્કળ કરતા બંધ કર્યા હતા તેથીખુદાના દરબારમા અલી હુસેનની હજ મંજૂર થઈ.

12) અલી હુસેને શા માટે પૈસા ભેગા કર્યા હતાં? તે પૈસાનુ તેણે શું કર્યુ?

જ) અલી હુસેને હજ કરવા માટે જે પૈસા ભેગા કર્યા હતા તે પૈસા તેના પડોશના બાળકોની ભુખ મટાડવા માટે વાપરી દીધા.

13) લાખો વાણિયા પાસે શા માટે ગયો?

જ) લાખો વાણિયા પાસે પૈસા ઉધાર લેવા માટે ગયો.

14) ડાઘિયાએ વાણિયા ને પોતાની સાથે લેવા શું કર્યુ?

જ) ડાઘિયાએ વાણિયા ને પોતાની સાથે લેવા માટે વાણિયાનું ધોતિયું ખેંચ્યું.

15) ડાઘિયો ઘડીભર કેમ થંભી ગયો?

જ) લાખાએ ડાઘિયાની સામે અનાદર બતાવ્યો તેથી ડાઘિયો ઘડીભર થંભી ગયો.

16) ડાઘાસર ક્યાં આવેલું છે?

જ) ડાઘાસર ઉતર ગુજરાતના રાધનપુર પાસે આવેલું છે.

17) સવારે આવીને સાંજે કોણ સંતાઈ જાય છે?

જ) સવારે આવીને સાંજે સૂરજ સંતાઈ જાય છે.

18) કવિએ કોબીજની શી ઓળખ આપી છે?

જ) કવિએ કોબીજની ઓળખ આપતા કહ્યું છે કે કોબીજમાં એક પાન ઉપર બીજુ પાન હોય છે.તેના પાન લીલાં હોય છે.

19) મોં ના હોવા છતા કોણ અવાજ કરે છે?

જ) મોં ના હોવાછતા ચપટી અવાજ કરે છે.

20) જટા હોવાછતા જોગી કોણ નથી?

જ) જટા હોવાછતા નાળિયેર જોગી નથી.

21) જ્ઞાનની બારીઓ કોણ ખોલે છે?

જ) જ્ઞાનની બારીઓ કોમ્પ્યુટર ખોલે છે.

**22)** ઝુમખડું કયા રંગનુ છે?

જ) ઝુમખડું લાલ રંગનુ છે

23) આંખ કોની રાતી છે?

જ) આંખ પારેવાની રાતી છે.

24) મરઘલડાને માંજર હોય તો મોરને શું હોય છે?

જ) મરઘલડાને માંજર હોય તો મોરને કલગી હોય છે.

25) ચાંદરડે શું રેલાય છે?

જ) ચાંદરડે રાતા તેજ રેલાય છે.

26) ચંદ્ર અને સૂરજમાં શુ ફેર છે?

જ) ચંદ્ર સુરજના તેજથી પ્રકાશે છે અને સૂરજમાં પોતાનુ તેજ છે.

**27)** મોહન કેવી મૂર્તિઓ બનાવતો હતો?

જ) મોહન અદભૂત અને આબેહૂબ મૂર્તિઓ બનાવતો હતો.

28) મોહનને દૂત કેમ ઓળખી ન શક્યો?

જ) મોહને તેના જેવી જ બીજી મૂર્તિઓ બનાવી હતી તેથી મોહનને દૂત ઓળખી ન શક્યો.

29 ) મોહનને શું સ્વપ્ન આવ્યું?

જ) મોહનને સ્વપ્ન આવ્યું કે કાલે તેનુ મૃત્યુ થવાનુ છે.

## પ્ર-13નીચેના પ્રશ્નોનાં જવાબ સવિસ્તાર લખો.

1) ખોવાયેલું ધન કોણે પાછું અપાવ્યું ? શી રીતે?

જ) ખોવાયેલું ધન ડાઘિયાએ પાછું અપાવ્યું. ડાઘિયો શેઠને ધોતિયું પકડીને લઈ ગયો અને ચોરે જ્યાં ધનછુપાવ્યું હતું ત્યાં જઈને જમીન ખોતરવા લાગ્યો અને ત્યાંથી શેઠનો બધો ચોરાયેલો માલ પાછો અપાવ્યો.

2) ડાઘિયો શા માટે માથુ પછાડીને મરી ગયો?

જ) લાખાએ ડાઘિયાને જોતા જ લાખાની આંખ ફરી ગઈ. અરે, રામ! આ કૂતરાએ મારી શાખ ઉપર પાણીફેરવ્યું છે.એમ વિચાર્યું અને મો ફેરવી લીધુ.ડાઘિયાને આ સહન ન થયું અને તે પથ્થર ઉપર માથુંપછાડીને મરી ગયો.,

3) લાખાએ ડાઘિયાને વાણિયાને ત્યાં શા માટે મૂક્યો?

જ) લાખાએ વાણિયાની પાસેથી પૈસા લીધા હતા અને તેની બદલામાં કંઈક ઉધાર મૂકવું પડે તેથી લાખાએ ડાઘિયાને વાણિયાને ત્યાં ઉધાર મૂક્યો.

4) ઉખાણાંને ઉકેલવાથી શું થાય છે?

જ) ઉખાણાંને ઉકેલવાથી મગજ વધારે કાર્યરત થાય છે. આપણી બુધ્ધિમાં વધારો થાય છે.નવું નવું જાણવા પણ મળે છે.

5) યમરાજે દૂતને શું કહ્યું હતુ?

જ) યમરાજે દૂતને કહ્યું કે , " મૂર્ખ ,મોહન એક જ છે , પણ એ બુધ્ધિશાળી કલાકાર છે અને તુ એનાથી બની ગયો છે. આપણે દેવતા છીએ. થોડી બુધ્ધિ ચલાવ એટલે જીવતો મોહન પકડાઈ જશે.એનુ આયુષ્ય પૂરૂ થઈ ગયું છે એટલે એને જીવતો રાખવાનો નથી."

6) વૃધ્ધ થતા મોહને શું વિચાર્યું?

જ) વૃધ્ધ થતા મોહને વિચાર્યું કે હવે મૃત્યુ નજીક છે માટે કોઈ એવું કાર્ય કરી જવું જોઈએ કે લોકો વર્ષો સુધી ના ભૂલે.

7) મોહન કેવી રીતે પકડાઈ ગયો?

જ) દૂત જ્યારે ફરીથી આવ્યો ત્યારે તે વખતે  તે એક પછી એક મૂર્તિ શાંતિથી જોવા લાગ્યો. બધી મૂર્તિઓ જીવંત જ લાગતી હતી. મોહન પણ આંખો પટપટાવતોટાવતો ન હતો. દૂત ધીમેથી બોલ્યો, "ભાઈ, મોહન, તુ ચતુર છો, મૂર્તિઓ સર્જવામાં નિષ્ણાંત છો, પણ મૂર્તિમાં એક ભૂલ રહી ગઈ છે."

ત્યારે મોહન એકદમ બોલી ઊઠ્યો, શી ભૂલ છે? અને તે પકડાઈ ગયો.